# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/ક્વા-૨/૧૯- ૨૦/૬૨૭૯–૨** **તા.૧૭–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨૯/ક્વા-૨/૧૯- ૨૦**

અરજદાર: જગદીપભાઈ જોશી, ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર જગદીપભાઈ જોશી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર: (૧) શંકર પટેલ - એસ.એ.(રેવ). - પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨
(૨) એમ.પી.દાફડા - નાયબ ઇજનેર લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી
(૩) સચિન પરમાર - નાયબ અધિક્ષક - લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જગદીપભાઈ જોશી, ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૯/ક્વા-૨/૧૯- ૨૦, માં જણાવે છે કે, તેઓના વીજજોડાણ ગ્રાહક ન 87601/0044/ 3 થી કનેક્શન ધરાવે છે.

૨.૧ પીજીવીસીએલ સાથે સોલાર રુફટોપ યોજના અંતર્ગત નેટ મીટરિંગ ઇન્ટર કનેક્શન એગ્રીમેંટ તા 14/ 01/ 2018 મુજબ કલમ ૭ (ii) માં જણાવ્યા પ્રમાણે પીજીવીસીએલ વપરાશ પછીનાં વધેલા યુનિટ પર દર યુનિટે રૂ. ૨.૬૫ લેખે ખરીદશે. આ કરાર ૨૫ વર્ષ સુધી કાયમ રહેશે.

૨.૨ માર્ચ ૨૦૧૯ ના બીલ થી પીજીવીસીએલ દ્વારા યુનિટ દીઠ રૂ. ૨.૪૪ લેખે ચુકવેલ છે, તો આ અંગે કરાર મુજબ રૂ.૩.૨૪ લેખે તફાવત ની રકમ જમા આપવા વિનંતી. તથા હવે પછીની તમામ ગણતરી તા 14/ 01/ 2018

ના રોજ થયા એગ્રીમેંટ મુજબ કલમ ૭ (ii) માં જણાવ્યા પ્રમાણે પીજીવીસીએલ વપરાશ પછીનાં વધેલા યુનિટ પર દર યુનિટે રૂ. ૨.૬૫ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અત્રેની કચેરી અંતર્ગત આવેલ લક્ષ્મીનગર સબ ડિવિઝનના ગ્રાહક શ્રી જગદીપભાઇ જોશી કનેક્શન નંબર ૮૭૬૦૧/૦૦૦૪૪/૩ ગ્રાહક ની ૫ kw ની માગણી મુજબ. તારીખ 9.1.2018ના રોજ સોલર રૂફટોપ સીસ્ટમ લગાડવામાં આવેલ છે.

૩.૧ ગ્રાહક દ્વારા લગાડેલ સોલર રૂફટોપ સીસ્ટમ તારીખ 9.1.2018 થી ગ્રીડમાં જોડાણ કરેલ છે. સોલાર રુફટોપ યોજના અંતર્ગત એગ્રીમેન્ટ તારીખ 11.1.2018 ના રોજ થયેલ. અને પીજીવીસીએલ/કોર્પોરેટ-ઓફિસ/ પત્ર નંબર/ પીજી/ડીએસએમ/એસઆરટી/૧૮૨/૧૬.૧.૨૦૧૮ મુજબ ગ્રાહક સાથે જે એગ્રીમેન્ટ કરવાનું છે તેના સુધારામાં જે ગ્રીડ માં વીજ યુનિટ ગ્રાહકશ્રી દ્વારા સોલર રૂફટોપમાં ઉત્પન્ન થતાં યુનિટ રેટ રૂપિયા ૨.૬૫ પર યુનિટ આપવાનું સૂચવેલ છે પરંતુ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તેમના પત્રનંબર GUVNL/COM//RE/1298/ ૨૮.૧૨.૨૦૧૮ મુજબ ઑક્ટો ૧૭ થીમાર્ચ ૨૦૧૮ સુધીમાં રેટ ૨.૪૪ પૈસા લેખે ગ્રાહકશ્રીને ચૂકવવા પાત્ર થતો હોય જે અનુસાર હવે પછીના બિલમાં આ પરીપત્ર મુજબ ચુકવવામાં આવે છે.

૩.૨ નામદાર જીઈઆરસી સમક્ષ ગ્રાહકશ્રી કૈલાશ બેન કિરીટ કુમાર શાહ દ્વારા સોલાર રુફટોપ ના ભાવ બાબતે પિટિશન ૧૭૭૦/૨૦૧૮ દાખલ કરાયેલ છે. જે કેઈસ હાલ પડતર છે.

## :: હુકમ ::

4.0 અરજદારે કરેલ લેખીત રજુઆત મુદદા નં. ૨.૦ થી ૨.૨ તથા સામાવાળાની રજુઆત મુદદા નં. ૩.૦ થી ૩.૨ મુજબ ની વિગતે અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

4.1 From available records, Forum committee has observed that one petition number 1770 / 2018 dated 27 November 2018 is filed before GERC “In the matter of petition under section 129 off the electricity act 2003 read with regulation 62 (b) of GERC (conduct of business) Regulation 2004 for seeking order through appropriate directions for securing compliances by the licensee which has contravened certain provisions contained in notification number 05 / 2016 GERC ( Net-metering Rooftop Solar PV Grid Interactive Systems) Regulation 2016 and that the net export of energy by the consumer to distribution grid during billing cycle, distribution licensee shall purchase surplus power, after giving set off against consumption during the billing period, at the APPC determined by the commission for the year in which the Rooftop Solar PV System is Commissioned over the life of the system and the other related issues”

4.2 According to GERC (CGRF and Ombudsman) Regulation 2011 notification number 2 of 2011, there are following limitations / preconditions for submission of grievances before CGRF. As per GERC Regulation 2011 notification number 2 of 2011, clause 2.30 (i) “ A complainant shall not be entitled to approach the forum in case where proceedings in respect of the same matter and between the same complainant and licensee are pending before any Court, tribunal, arbitrator or any other authority or a decree or award or a final order has already been passed by any such court, tribunal, arbitrator or authority”

4.3 As per above Para no. 4.2, appeal of appellant - is hereby dismissed.

4.4 The complaint is disposed of.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |